# Universalization of the Membership of the International Solar Alliance (ISA)

July 31, 2020

## ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (આઈએસએ) નાં સભ્યપદનું વૈશ્વિકરણ

જુલાઈ 31, 2020

1. પેરિસમાં COP21 દરમિયાન ભારતના વડાપ્રધાન અને ફ્રાન્સનાં રાષ્ટ્રપતિએ સંયુક્ત રીતે ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ લોન્ચ કર્યું હતું. તેનો ધ્યેય ઝડપી અને મોટા પ્રમાણમાં સૌર ઊર્જાનાં વિસ્તારણ મારફત પેરિસ ક્લાઈમેટ એગ્રીમેન્ટનાં અમલીકરણમાં યોગદાન આપવાનો છે. 30 જુલાઈ 2020 મુજબ, 87 દેશોએ આઈએસએનાં ફ્રેમવર્કની સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા છે અને આમાંથી 67 દેશોએ તેઓનાં બહાલીનાં ખરડાઓ જમા કરાવ્યા છે.

2. ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સનાં સભ્યપદને ઉષ્ણકટિબંધથી આગળ વધારીને વૈશ્વિકતા હાંસલ કરવા માટેનાં ભારતનાં માનનિય વડાપ્રધાનનાં વિઝન અનુસાર, સંયુક્ત રાષ્ટ્રનાં તમામ સભ્ય રાજ્યોમાં આઈએસએનાં સભ્યપદનો અવકાશ વધારવા માટે 3 ઓક્ટોબર 2018 નાં રોજ યોજાયેલી આઈએસએની પ્રથમ સામાન્ય સભાએ ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સની સ્થાપના પરનાં ફ્રેમવર્કની સમજૂતીનાં સુધારાનો સ્વિકાર કર્યો હતો.

3. આઈએસએની ફ્રેમવર્ક સમજૂતિનાં હુકમ અનુસાર આવશ્યક આઈએસએ સભ્ય દેશોની સંખ્યા પાસેથી જરૂરી બહાલીઓ/મંજુરીઓ/ સ્વિકૃતિઓ પ્રાપ્ત થયા બાદ, કથિત સુધારાને 15 જુલાઈ 2020 નાં રોજ અમલમાં મૂકવામાં આવ્યો છે. આઈએસએ ફ્રેમવર્ક સમજૂતિનો સુધારો અમલમાં આવતા હવે ઉષ્ણકટિબંધ બહારનાં સહિત સંયુક્ત રાષ્ટ્રનાં તમામ સભ્ય રાજ્યોને ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સમાં જોડાવાની અનુમતિ મળશે.

4. આઈએસએનો ધ્યેય મોટા પ્રમાણમાં સૌર ઊર્જાનો વ્યાપ વધારવા ટેકનોલોજી, નાણા અને ક્ષમતાની બાબતમાં મુખ્ય સામાન્ય અવરોધો તરફ સંયુક્ત પ્રતિભાવ પ્રદાન કરવા માટે દેશોને સાથે લાવવાનો છે. આઈએસએનું લક્ષ્ય સભ્ય દેશોને કાર્યરત કરવાનું, આંતરરાષ્ટ્રિય સંસ્થાઓ તરફથી પ્રતિબદ્ધતા મેળવવી અને ખાનગી ક્ષેત્રને કાર્યરત કરવું, ગ્રામિણ અને વિકેન્દ્રિય ઉપયોગોને સમર્થન આપવું, પોષણક્ષમ નાણાની સુલભતા, ટાપુ અને ગામડામાં મિનિ  સોલાર ગ્રીડ, છાપરાનાં ઈન્સ્ટોલેશનો, અને સોલાર ઈ-મોબિલિટી ટેકનોલોજીઓ છે.

**નવી દિલ્હી**
**જુલાઈ 31, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.